---

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

<u>શહેરકોટડા પો.સ્ટે.સે.ગુ.ર.નં.૩૦૩૨/૧૮, ફો.કે.નં.૪૮૬૮૯/૧૮ ના ગુનાના કામે રજુ થયેલ</u>

<u>ઈ.પી.કો. કલમ ૧૮૮ તથા જીપી એકટ કલમ ૧૩૧ ની ચાર્જશીટ લગત હુકમ.</u>

(૧) આ કામે સંબંધીત પો.સ્ટે.ના સંબંધીત ત.ક.અમલદાર ધ્વારા આરોપીએ અમદાવાદના મે.પોલીસ કમીશ્નર સાહેબશ્રી નાઓનું જાહેરનામાના ભંગ સબબ ફરીયાદી ધ્વારા ફરીયાદ આપવામાં આવતાં ત.ક.અમલદારે તેની તપાસ પૂર્ણ કરી ત.ક.અમલદાર ધ્વારા ઈ.પી.કો. કલમ ૧૮૮ તથા જીપી એકટની કલમ ૧૩૧ ના ગુના સબબનું ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરતાં તે ઉપરોકત ફોજદારી કેસ નંબરથી રજીસ્ટરે લેવામાં આવેલ છે. પરંતુ અત્રેની કોર્ટ ધ્વારા સદરહું ચાર્જશીટ લગત કોગ્નીઝન્સ લઈ શકાય કે કેમ ? તે અંગેની ચર્ચામાં ઉતરતાં પહેલાં સી.આર.પી.સી. કલમ ૧૯૫(૧)(ક)(૧) ની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી ખુબજ જરૂરી બની રહે છે, જે નીચે મુજબ છે.

<u>ક્રિ.પ્રો.કોડની કલમ ૧૯૫ :–</u>

(ક) (૧) ભારતિય દંડ સહિતાની કલમ–૧૭૨ થી ૧૮૮ ( બંને સહિત) હેઠળ સજાપાત્ર કોઈ ગુનાઓ અથવા

(૨) તેવા ગુનામાં મદદગારી કે તે કરવાની કોશીશ, અથવા

(૩) તેવો ગુનો કરવા માટેના કોઈ ગુનાહિત કાવતરાનો, સબંધિત જાહેર નોકરી અથવા વહીવટી હેતુઓ માટે તે જેને આધિન હોય તેવા અન્ય કોઈ જાહેર નોકરની **લેખિત ફરીયાદ** સિવાય કોગ્નીજન્સ લઈ શકે નહી.

---

આમ, ક્રિ.પ્રો.કો. ક. ૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેતાં પોલીસે રજુ કરેલ પોલીસ અહેવાલ ઉપરથી આ કોર્ટ કોગ્નીઝન્સ લઈ શકતી નથી.પરંતુ ભારતીય દંડ સંહિતા કલમ ૧૭૨ થી ૧૮૮ (બંને સહિત) હેઠળ સજાપાત્ર ગુન્હાનું સંજ્ઞાન સંબંધીત જાહેર નોકર અથવા વહીવટી હેતુઓ માટે તે જેને આધિન હોય તેવા અન્ય કોઈ જાહેર નોકરની લેખિત ફરીયાદના આધારે લઈ શકશે. આમ, ઈ.પી.કો. કલમ ૧૮૮ ના ગુના અન્વયેનું સંજ્ઞાન અત્રેની અદાલત પોલીસ રીપોર્ટના આધારે નહી પરંતુ માત્ર લેખિતમાં ફરીયાદના આધારે જ લઈ શકશે. " ફરીયાદ" ની વ્યાખ્યા સી.આર.પી.સી.ની કલમ ર(ડી) માં આપવામાં આવેલ છે, જેમાં પોલીસ રીપોર્ટનો સમાવેશ થતો નથી. હાલના કેસમાં જયારે ત.ક.અમલદાર ધ્વારા ઈ.પી.કો. કલમ ૧૮૮ ના ગુના સંદર્ભે લેખિતમાં ફરીયાદ આપવાના બદલે તે ગુના સબબ ચાર્જશીટ રજુ થતું હોય ત્યારે તે ગુના સબબ સી.આર.પી.સી. ની કલમ ૧૯૫(૧)(ક)(૧) નો બાધ નડતો હોઈ અત્રેની કોર્ટ તેથી ચાર્જશીટ અન્વયે સંજ્ઞાન લઈ શકે નહી. ક્રિ.પ્રો.કોડ કલમ ૧૯૦ માં કોર્ટ કઈ રીતે કોગ્નીઝન્સ લઈ શકે તે અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે. પરંતુ ક્રિ.પ્રો.કોડ કલમ ૧૯૫ માં જયારે ક્રિ.પ્રો.કોડ ક.૧૭૩ ના રીપોર્ટથી કોગ્નીઝન્સ લેવાની મનાઈ ફરમાવેલી હોય ત્યારે પોલીસ અહેવાલ ઉપરથી કોગ્નીઝન્સ લઈ શકાય નહી અને તેમાં "ફરીયાદ" શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. તેથી ફરીયાદ એટલે ક્રિ.પ્રો.કોડ કલમ ર(ડી) મુજબ કોર્ટ રૂબરૂ થયેલી ફરીયાદ. આ સંજોગોમાં ક્રિ.પ્રો.કોડ કલમ ૧૯૫ ના બાધના કારણે પોલીસ અહેવાલ ઉપરથી કોગ્નીઝન્સ લઈ શકાય નહી. કારણકે ફરીયાદની વ્યાખ્યામાં પોલીસ અહેવાલનો સમાવેશ થતો નથી. ક્રિ.પ્રો.કોડ કલમ ૧૯૫ ની જોગવાઈ મેન્ડેટરી સ્વરૂપની છે. જયારે આ જોગવાઈથી કોર્ટને સક્ષમ સત્તાધિકારીની ફરીયાદ વિના કોગ્નીઝન્સ લેવા ઉપર નિષેધ ફરમાવવામાં આવેલો હોય ત્યારે પોલીસ અહેવાલ ઉપરથી કોગ્નીઝન્સ લઈ શકાય નહી.

ના. સુપ્રિમ કોર્ટ ધ્વારા નીચે મુજબના ચૂકાદામાં સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે,

***In M.S. Ahlawat V.State of Haryana & Anr., AIR 2000 SC 168(1999 AIR SCW 4255),*** *Court considered the matter at lenth and held as under :-*

---

*" Provisions of Section 195 Crpc. are Mandatory and no court has jurisdiction to the take cognizance of any of the offences mentioned therin unless there is a complaint in writing as required under that section."*

તે સિવાય અન્ય લેન્ડમાર્ક ચૂકાદામાં ના.સુપ્રિમકોર્ટ ધ્વારા સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે.

***C. Muniappan & Ors. V. State of Tamilnadu V/S D.R Rajendran & ors. ect. V. State of Tamilnadu. AIR 2010 SUPREME COURT 3718***

Penal Code (45 of 1860).S.188- Contempt of lawful authority, of public servant- prosecution for- Complaint of concerned public servant- Essential-Court cannot assume cognizance without such complaint Charge under S. 188 framed against appellant in absence of complaint by competent public servant - Charge so farmed and conviction made liable to be set aside. ( Paras 25,27)

આમ, ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ ક્રિ.પ્રો.કોડ કલમ ૧૯૫ ની જોગવાઈ ધ્યાને લેતાં ઈ.પી.કો. કલમ ૧૮૮ ના ગુના સબબ પોલીસ અહેવાલ ઉપરથી કોર્ટને કોગ્નીઝન્સ લેવાની સત્તા નથી. ના. સર્વોચ્ચ અદાલતે સી.મુનીઅપ્પન વિરૂધ્ધ સ્ટેટ ઓફ તામિલનાડુ તથા એમ.એસ.આહલાવત વિ. સ્ટેટ ઓફ હરીયાણાના કેસમાં પણ તેમ ઠરાવેલું છે કે, પોલીસ ચલણ કે ચાર્જશીટ ઉપરથી કોર્ટ ઈ.પી.કો.કલમ ૧૮૮ ના ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકે નહી. તેથી ઈ.પી.કો. કલમ ૧૮૮ સબબનું રજુ થયેલ ચાર્જશીટ લગત અત્રેની કોર્ટને ક્રિમીનલ પ્રો. કોડની કલમ ૧૯૫(૧)(ક)(૧) મુજબ પોલીસ અહેવાલથી સંજ્ઞાન લેવાનો બાધ નડતો હોવાથી સંબંધીત પો.સ્ટે.ના ત.ક.અમલદાર ધ્વારા રજુ થયેલ સદરહું ચાર્જશીટ અન્વયે અત્રેની કોર્ટને સંજ્ઞાન લેવાની સત્તા ન હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

---

**"હુ ક મ"**

ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ મુજબ હાલના કેસની આરોપી સામેની કાર્યવાહી બંધ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. કબજે થયેલ મુદ્દામાલ સંબંધે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે, અન્યથા ક્રીમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી. બિનકીંમતી મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ મુજબની જાણ સંબંધીત પો.સ્ટે.ના ત.ક.અમલદારને કરવી.

હુકમ આજ તારીખ ૦૮ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૮/૦૯/૨૦૧૮
અમદાવાદ.

**( અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૮૬૨